**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૧ ટકા

# લ્યો, ચ-૨ થી ચ-૦ વચ્ચે અમદાવાદ તરફ જવા બસ સ્ટેન્ડ જ નથી..!!

## સે-૧ પાસે બાંકડા મુકી કરાયેલી હંગામી વ્યવસ્થાને પણ કોઈની નજર લાગી હોય એમ બાંકડા ઊંધા વાળી દેવાયા મુસાફરોને હાલાકી



ગાંધીનગર, તા.૧૩

એક તરફ ગાંધીનગરને 'સ્માર્ટ સીટી' બનાવવા કવાયત હાથ ધરાઈ છે અને રાજયના આ સ્માર્ટ પાટનગરની ધરતી પર વૈશ્વિક સમુદાય ઉપસ્થિત થઈ વિકાસની વાટ શોધવા મથામણ કરે છે. બીજી તરફ મોડેલ સ્ટેટ ગણાતા રાજયના પાટનગરમાં વિધાનસભા સચિવાલય સંકુલથી અમદાવાદ તરફ જવાના મુખ્ય માર્ગ ચ રોડ પરના ચ-૨ સર્કલથી ચ-૦ સર્કલ સુધીના વિકસત વિસ્તારમાં એક પણ બસ સ્ટેન્ડ નથી. એટલું જ નહીં સેકટર-૧ માં જવાના માર્ગ નજીક એક સ્થળે બાંકડા મુકી હંગામી વ્યવસ્થા કરવામાં આવી હતી તેમાં પણ કોઈએ બધા બાંકડા ઊંધાવાળી દીધા છે જેથી અહીંથી અમદાવાદ તરફ જવા વાહનની વાટ જોતા મુસાફરો માટે કફોડી હાલત થવા પામી છે.

શહેરના ચ-૨ સર્કલથી ચ-૦ સર્કલ સુધીના 'ચ' માર્ગ પર શહેરી બસ સેવાનું એક પણ બસ સ્ટેન્ડ નથી. જેને કારણે સેકટર-૧ અને ૨ ઉપરાંત આસપાસના વિસ્તારના મુસાફરો આમ પણ હાલાકી ભોગવી રહ્યા જ છે જેમાં ખાસ કરીને વયોવૃધ્ધ વડિલો, અશકતો, દિવ્યાંગો તેમજ વિદ્યાર્થીઓ અને મહિલાઓને અમદાવાદ તરફ જવા માટે મુશ્કેલ સ્થિતિનો સામનો કરવો પડે છે. વળી, સેકટર-૧ માં જવાના પ્રવેશ નજીક 'ચ' માર્ગ પર એક સ્થળે થોડા બાંકડા મુકી એક હંગામી બસ સ્ટોપ જેવું બનાવાયું હતું જે આ મુસાફરો માટે જે પણ વાહન મળે તે પકડવા આર્શીવાદરૂપ હતું પરંતુ તેને પણ કોની નજર લાગી હોય અથવા કોઈને ખૂંચતું હોય તેમ બધા બાંકડાઓને ઊંધા પાડી દેવાયાં છે જેથી આ બાંકડે વાહનની વાટ જોતા રાહતનો શ્વાસ લેવા બેસનારાઓ માટે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. સત્વરે આ સ્થળે નવું બસ સ્ટેન્ડ બનાવી બસ સ્ટોપ આપવામાં આવે તેવી આ વિસ્તારની મુસાફર જનતામાં માંગ ઉઠવા પામી છે.



## સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓના પગારમાં ૭ ટકાનો વધારો કરાયો

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓ માટે એક આનંદનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવેથી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આવતા કર્મચારીના પગારમાં ૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે જેથી પહેલી ફેબ્રુઆરીથી પગાર વધારાનો લાભ કર્મચારીઓને મળશે.

કરાર આધારિત કરવામાં આવેલા કરાર આધારિત કર્મચારીઓ જેમની ૨૦૧૨ થી ૨૦૧૮માં નિમણુંક આપવામાં આવી હોય તેવા કર્મચારીઓને તેમની પ્રથમ એસએસએની હાજરી તારીખથી ધ્યાને લેવામાં આવશે. ૨૦૧૯માં જે માસમાં વર્ષ પૂર્ણ થતું હોય તે માસમાં હાલ મળતા ફિકસ પગારમાં ૭ ટકાનો વધારો કરવામાં આવશે તેવો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ લાભ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૮ સુધી નિમણુંક થયેલા સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓને ૧લી જાન્યુઆરી ૨૦૧૯ની અસરથી મળશે. આ તમામ કરાર આધારિત કર્મચારીઓના કરાર હાલ તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધીના સમય ગાળા માટે કરવામાં આવશે. હવે જે મહેનતાણું મેળવે છે તેમાં ૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

## ન્યુ વાવોલમાં વધુ એક ઘરફોડ ચોરી : પોલીસ નિષ્ક્રિય

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં પેધી પડી ગયેલી તસ્કર ટોળકી ગાંધીનગર પોલીસને રોજે રોજ એક લપડાક મારી છે પરંતુ પોલીસના પેટનું પાણી પણ હાલતું ના હોય તેમ લાગી રહ્યું છે. પોલીસ માત્ર એકશન પ્લાન બનાવવામાં અને સીસીટીવી ફૂટેજ મેળવવામાં લાગેલી છે તો બીજી તરફ તસ્કર ટોળકી રોજેરોજ કોઈના કોઈ વિસ્તારમાં ચોરીઓ કરી રહી છે. રાયસણ ગામમાં બે દવાખાના અને મંદિરમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો તે અંગેની તપાસ હજુ પોલીસ હાથ ધરે ત્યાં જ ન્યુ વાવોલ ગામમાં એક સોસાયટીને તસ્કરોએ ટાર્ગેટ બનાવી દીધી હતી. આ સોસાયટીના બંધ મકાનમાં ઘુસીને તસ્કરોએ મકાનના બંને માળ ફંફોસી નાખ્યા હતા. મોટાભાગે ચોરો મોબાઈલ અને લેપટોપ મારફતે પકડાઈ જતા હોવાથી આ સ્માર્ટ તસ્કરોએ મકાનમાંથી મોબાઈલ અને લેપટોપ ચોરી કરવાનું ટાળ્યું હતું.

મળતી માહિતી મુજબ ગાંધીનગરને અડીને આવેલા ન્યુ વાવોલ ખાતે શાલ્વીક હોમ્સ સોસાયટીમાં બંગલા નંબર-૫૨ માં રહેતુ પરિવાર બે દિવસથી બહાર ગામ હતું તે દરમિયાન તેમના બંગલાને તાળા હતા. આ પરિવાર ગઈકાલે



સમી સાંજે ઘરે પરત ફર્યુ ત્યારે જોયું તો તેમના બંગલાના મુખ્ય દરવાજાનો નકુચો અને તાળા તૂટેલી હાલતમાં હતા. મકાનમાલિકે અંદર પ્રવેશ કરીને જોયું તો સામાન વેર વિખેર પડયો હતો અને તસ્કરોએ હાથફેરો કરી લીધો હોવાનો અંદાજ તેમને આવી ગયો હતો. બંધ મકાનનું તાળું તોડીને અંદર ઘૂસી તસ્કરો બંને માળે બિન્દાસ્ત રીતે ફર્યા હતા અને તમામ રૂમમાં કીમતી માલ મિલકત ની શોધખોળ કરવા તિજોરીઓ અને પેટી પલંગ ફંફોસ્યા હતા. જોકે સદ્નસીબે તેમણે મકાનમાં કોઈ કીમતી માલ મિલકત મૂકી ન હોવાથી તસ્કરોને હાથ કાંઈ લાગ્યુ ન હતું. લેડીઝ પર્સમાં મુકેલા ત્રણેક હજાર રૂપિયા કેશ તસ્કરોને હાથ લાગ્યા હતા જે તેઓ ઉઠાવી ગયા હતા. નોંધનીય બાબત એ છે કે મકાનમાં લેપટોપ અને મોબાઈલ પણ પડ્યા હતા પરંતુ તેનાથી પકડાઈ જવાની શક્યતા વધી જતી હોવાથી આ સ્માર્ટ તસ્કરોએ મોબાઈલ કે લેપટોપ હાથમાં જ પકડ્યા ન હતા. મકાન માલિકે આ મામલે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. જોકે આ છેવાડાની સોસાયટીઓમા ચોરીનું પ્રમાણ વધી ગયું હોવાથી નાઈટ પેટ્રોલીંગ વધારવા રહીશોની માંગ છે.

## રાંચરડા ખાતે નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી કેમ્પ

ગાંધીનગર, તા.૧૩

આયુર્વેદ એ વિશ્વનું સૌથી પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે ત્યારે ગાંધીનગર જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૧૫ થી ૧.૩૦ વાગ્યા સુધી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાંચરડા જિલ્લા કલોલ ખાતે નિઃશુલ્ક આયુર્વેદ તથા હોમિયોપેથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અગ્નિકર્મ, દાંત, ડાયાબિટીસ, વંધ્યત્વ, બાળકોના રોગોની સારવાર કરવામાં આવશે. જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા તમામ નાગરિકોને આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

## ગાંધીનગરમાં નવા ૨૦ ટાવરો કનેકટીવીટી આપશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર તથા જિલ્લામાં બીએસએનએલના ગ્રાહકોને વધુ સારી ટેલીકોન સેવા મળે તે માટે નવતર આયોજન કરવામાં આવ્યું છે. શહેર ઉપરાંત જિલ્લામાં ૨૦ નવા ટાવરોને મંજુરી આપવામાં આવી હોવાનું પણ ટેલીકોમ અદાલત દ્વારા જણાવાયું છે. શહેરના કુડાસણ સે-૨૩, સે-૨-સી, સે-૨ મહાત્મા મંદિર સહિતના વિસ્તારમાં પણ નવા ટાવરોને મંજુરી આપવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ શહેરમાં કનેકટીવીટીની સમસ્યા ગ્રાહકો માટે શીર દર્દ સમાન બની છે જેનો અનુલક્ષીને કનેકટીવીટીની ફરિયાદોને ડામવા ગાંધીનગર ટેલિકોન ડિવિઝન દ્વારા નવા ૨૦ ટાવરોની મંજૂરી આપવામાં આવી છે. જેમાં દહેગામમાં પણ નવો ટાવર ઉભો કરાશે. કેટલીક ખાનગી કંપનીઓ પાસે ટપાલ વિભાગના કેટલાક જોડાણો છે ત્યાં પણ વ્યવસ્થા ગોઠવવા અન્ય સ્થળે રજુઆત કરવા સૂચવાયું હતું. આ ઉપરાંત શહેરના બીએસએનએલના ગ્રાહકો કે જેમણે જોડાણ પરત કર્યા છે તેમની ડિપોઝીટની રકમ પણ પરત ન થઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. માર્ચ ૩૧ સુધીમાં તમામ રકમો પરત કરવામાં આવશે તેવી બાંહેધરી અરુણ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી તથા ડૉ. પંચાલની રજુઆતોને અંતે અપાઈ હતી. તેમજ ટેલિફોનના નવા પ્લાનનું અમલીકરણ થાય ત્યારે જુના પ્લાનધારકોને નવું આયોજન ધ્યાને મુકવા સૂચવાયું હતું. ટેલીકોમ અદાલત દરમિયાન ડિવિઝનલ કચેરીના જે.એસ. પટેલ, ડી.જે. પરીખ, સુરેશ આનંદ સહિતના અધિકારીઓએ પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

## સરકારી અને ગ્રાન્ટેડ શાળાના પટ્ટાવાળાને જુનિયર કલાર્ક તરીકે બઢતી અપાશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજયમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ સ્કુલોમાં વર્ષોથી પટાવાળા તરીકે કામ કરતા કર્મચારીઓને બઢતી આપવા દરેક સ્કુલમાંથી તેમની વિગતો મંગાવવામાં આવી છે. ટૂંકા ગાળામાં જ આ પટ્ટાવાળા તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને જૂનિયર કલાર્કમાં બઢતી અપાશે.

ગુજરાત રાજયમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં વર્ષોથી કામ કરતા પટ્ટાવાળાઓને બઢતી આપવાનું મોટે ભાગે ટાળવામાં આવતું હોય છે અને કેટલીક સ્કુલમાં તો પટ્ટાવાળા તરીકે ફરજ બજાવી નિવૃત્ત પણ થઈ જતા હોય છે. પરંતુ હવે આ પટ્ટાવાળાઓને પણ જૂનિયર કલાર્કની બઢતી આપવાની રાજયના શિક્ષણ વિભાગ દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. જેના માટે રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને એક પરિપત્ર કરવામાં આવ્યો છે. દરેક સ્કૂલમાં પટ્ટાવાળાની ફરજ બજાવતા કર્મીઓની વિગતો મંગાવવામાં આવી છે.જેમાં પટ્ટાવાળા તરીકે કઈ સ્કૂલમાં અને કેટલા વર્ષથી ફરજ બજાવે છે તે વિગતો મંગાવી છે. આમ સ્કૂલોમાં વર્ષોથી પટ્ટાવાળા તરીકે ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મીઓ માટે ખુશીના સમાચાર ગણી શકાય.

## સિસિકા દ્વારા રકતદાન શિબિરનું રવિવારે આયોજન

ગાંધીનગર, તા.૧૩

સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા સંસ્થાના સ્થાપના દિન તા. ૧૭મી ફેબ્રુઆરીએ સંસ્થાના સભ્યો, પરિવારજનો, નગરજનો માટે રકતદાન શિબિરનું આયોજન સેકટર-૨૧ સ્થિત વૈષ્ણવ વહેલી મંદિર ખાતે સવારે નવ વાગે આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યમાં સહકાર આપીને સર્વેને રકતદાન કરી સામાજિક ફરજ નિભાવવા સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરના મંત્રી બી.ડી. શાહે જણાવેલ છે.

## કોબામાં સ્વચ્છ શકિત દિનની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા.૧૩

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કોબા ગામમાં મંગળવારના રોજ સ્વચ્છ શકિત દિનની ઉજવણી રૂપે કોબા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા મહિલા સન્માન ગૌરવ યાત્રાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંતર્ગત કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી, આશાવર્કર બહેનો, શિક્ષકો તથા કોબા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વર્ષોથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૧૨૧ પોલીસની આખરે બદલી

ગાંધીનગર, તા.૧૩

રાજ્યના પોલીસવડાએ કરેલા આદેશ મુજબ ચૂંટણી પહેલા પોલીસ વિભાગમાં પોલીસ કર્મચારીઓની બદલીઓનો દોર શરૂ થઈ ગયો છે. એક જ પોલીસ મથકમાં ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની યાદી મંગાવીને સંબંધિત જિલ્લાનાં પોલીસ અધિક્ષકોએ તેમની બદલીઓ કરવાનું શરૂ કર્યુ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકે પણ જિલ્લામાં અલગ અલગ પોલીસ મથકમાં વર્ષોથી ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની યાદી મંગાવી હતી. ગઈકાલે આ યાદીને ધ્યાને રાખીને ૧૨૧ પોલીસ કર્મચારીઓની જિલ્લામાં આંતરિક બદલીઓ કરી દેવામાં આવી હતી. પોલીસ કોન્સ્ટેબલથી માંડીને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર કક્ષાના પોલીસ કર્મચારીઓની આંતરિક બદલીઓ કરવામાં આવી છે જે એક જ સ્થળે ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવી રહ્યા હતા. જિલ્લા પોલીસ અધિક્ષકે આ પોલીસ કર્મચારીઓ પાસેથી પસંદગીના ત્રણ સ્થળોની યાદી પણ મંગાવી હતી. જેમાં સૌથી વધુ ટ્રાફિક પોલીસ સ્ટેશન પસંદગીનું સ્થળ હતું. યોગ્યતા ચકાસીને જિલ્લા પોલીસ અધિક્ષકે ગઈકાલે સાંજે ૧૨૧ પોલીસ કર્મચારીઓની બદલી કરી હતી.



ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે ભાજપના મનકી બાત રથનું ભાજપના અગ્રણી કાર્યકરો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે કાર્યક્રમમાં ચિલોડા વિસ્તારના ભાજપના કાર્યકરો જોડાયા હતા.

## દિવ્ય જીવન સંઘ દ્વારા ૧૮મીથી યોગ શિબિર

ગાંધીનગર, તા.૧૩

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા અને બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય સેન્ટરના ઉપક્રમે તા. ૧૮મી ફેબ્રુઆરીથી ૨જી માર્ચ સુધી સાંજે પાંચથી સવા છ વાગ્યા સુધી યોગ શિબિરનું બ્રહ્માકુમારી સે-૨૮ ખાતે આયોજન કરેલ છે. જેમાં આસન, પ્રાણાયામ, મુદ્રા તથા આરોગ્ય વિષે વિવિધ રોગોના ઉપચારો વિષે માહિતગાર કરી વિવિધ ઉપચારો બતાવવામાં આવશે. ૧૦ વર્ષથી મોટી ઉંમરની બહેનો ભાગ લઈ શકશે. દિવ્ય જીવન સંઘના શોભાબેન શાહના ફોન નં. ૨૩૨૨૬૮૬૮ પરથી માહિતી તથા રજીસ્ટ્રેશન માટે જાણકારી મળી શકશે.

## એસ. વી. સ્કૂલમાં બાળકોએ કર્યુ સરસ્વતી માતાજીનું પૂજન



ગાંધીનગર, તા.૧૩

વસંત પંચમી એ જ્ઞાન પંચમી તરીકે પણ ઓળખાય છે ત્યારે શાળા-કોલેજોમાં મા સરસ્વતીનું પૂજન અચુક કરાય છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં વસંત પંચમી નિમિત્તે વિદ્યાની દેવી સરસ્વતી માતાજીની બાળકોએ આરાધના કરી હતી.જેમાં, સ્કૂલના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે બાળકોને સરસ્વતી મા વિષે જાણકારી આપી, તેમનું મહત્વ સમજાવી, બાળકોના હસ્તે માતાજીનું પૂજન કરાવી, તેમને 'યા કુંદેન્દુ' શ્લોકનો મંત્રોચ્ચાર પણ કરાવ્યો હતો. બાળકો પણ સરસ્વતી મા વિષે માહિતી મેળવી, ખુશ થઈ ગયા હતા. સાથે, શાળા પરિવારે પણ માનું પૂજન કરી તેમના આશીર્વાદ લીધા હતા.

## તપોવન સંસ્કારપીઠનો રજતજયંતિ મહોત્સવ ઉજવાશે

### શનિ-રવિ દરમિયાન યોજાનાર રજતજયંતિ મહોત્સવમાં વૈશ્વિક સંમેલન, વકતૃત્વ સ્પર્ધા, એવોર્ડ વિતરણ, ગ્રંથ વિમોચન, શાસનવંદના ઉપરાંત આર્ટગેલેરી જેવા કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરથી અમદાવાદ તરફના વાયા સુઘડના માર્ગે અમીયાપુર સ્થિત તપોવન સંસ્કારપીઠને ૨૫ વર્ષ પરિપૂર્ણ થઈ રહ્યા છે, આ પ્રસંગે આગામી તા. ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી શનિ-રવિવાર દરમિયાન રજત જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત વૈશ્વિક સંમેલન 'તપોવન એ જ તરણોપાય', તપોવનની સ્થાપનાથી અત્યાર સુધીની ઐતિહાસિક યાત્રાની ઝાંખી કરાવતી ભવ્ય આર્ટ ગેલેરી શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, ભકિત સંગીત સંધ્યા તેમજ ધર્મ-સંસ્કૃતિ રાષ્ટ્ર રક્ષાના વિવિધ ક્ષેત્રમાં કાર્યરત પ્રતિભાઓને તથા સંસ્થાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાશે.

જૈનાચાર્ય ચંદ્રશેખર વિજયજી મ.સા. દ્વારા પ્રેરિત અમીયાપુર ખાતે ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્ર રક્ષા માટે આવનારી પેઢીને તાલીમબધ્ધ કરવાના હેતુથી સ્થાપિત શિક્ષણ સાથે સંસ્કરણ આયામ સંસ્થા તપોવન સંસ્કાર પીઠને સ્થાપનાના ૨૫ વર્ષ પરિપૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે બે દિવસીય રજત જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૧૬મી ફેબ્રુઆરી શનિવારે ગચ્છાધિપતિ જયઘોષ સુરીશ્વરજી મહારાજ સહિત અનેક આચાર્ય ભગવંતો તેમજ ૩૦૦થી વધુ શ્રમણ-શ્રમણી ભગવંતોનો વાજતે ગાજતે ભવ્ય પ્રવેશ થશે. આ સાથે 'તપોવન એ જ તરણોપાય' વૈશ્વિક સંમેલનનો પ્રારંભ થશે. આ સાથે અમદાવાદની વિવિધ શાળા કોલેજના યુવાન વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ યોજાશે. રાત્રિના સમયે મહાન સંગીતકારોની સાથે ભકિત સંગીતના ૬ ભ ા ૬ ભ ા ા મ ય વાતાવરણમાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્રકક્ષાના વિવિધ ક્ષેત્રમાં કાર્યરત પ્રતિભાઓને અને સંસ્થાઓને એવોર્ડ પ્રદાન કાર્યક્રમ યોજાશે.




મહોત્સવના દ્વિતિય દિવસની પ્રભાતે ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્રકક્ષાના ગગનભેદી નારાઓ સાથે ખુમારી સભર શાસનવંદના યોજાશે અને મુનિરાજ સુધારસ વિજયજી મ.સા.ને ગણીપદ પ્રદાન મહોત્સવ યોજાશે. આ પછી અદ્યતન ટેકનોલોજીના સથવારે પૂ. ગુરુમાની પાવનઝાંખી કરાવતો કાર્યક્રમ, ૨૫ સંસ્કાર ગ્રંથોનું વિમોચન અને તપોવની બાલુડાઓ દ્વારા સમર્પિત જીવનના નિર્માણ માટે ગચ્છાધિપતિને વહોરવાની મંગળવિધિ યોજાશે. ઉલ્લેખનીય છે કે તપોવન સંસ્કારપીઠ મેકોલે, મહાત્મા અને મહાવીરના ત્રિવેણી સંગમસમું આદર્શ વિદ્યાધામ ગણાય છે જેમાં બાળકોના બાળપણ, શાણપણ, બચપન અને ઘડપણ સહુને સેફ કરવાના સોગંદ સાથે શિક્ષણ અપાય છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ અમૃતભાઈ મણીલાલ, ઉ.વ. ૬૪
- સ્વ. શાંતાબેન લક્ષ્મણભાઈ દેસાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. ઈશાબેન બાબુજી ઠાકોર, ઉ.વ. ૬૩
- સ્વ. રજની કાન્તિલાલ સંઘવી, ઉ.વ. ૬૪
- સ્વ. ઠાકોર કેશાજી સુરસંગજી, ઉ.વ. ૪૫
- સ્વ. પુરીબેન શંકરભાઈ નાડીયા, ઉ.વ. ૫૦
- સ્વ. જીતેન્દ્ર હિરાલાલ મહોરોવાલા, ઉ.વ. ૬૬
- સ્વ. સીતાબેન મણાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. વણકર કેસરીબેન નટવરભાઈ, ઉ.વ. ૭૩